# Gujarat Police Constable Dt. 3-5-15

1. નીચેનામાંથી ક્યા રંગો પ્રાથમિક રંગો છે.
(A) લાલ, વાદળી, પીળો (B) પીળો, લીલો, વાદળી
(C) લાલ, લીલો, ગુલાબી (D) લાલ, લીલો, વાદળી

2. ચંદ્ર પર સૌ પ્રથમ પગ મૂકનાર કોણ હતા ?
(A) યુરી ગાગરીન (B) કલ્પના ચાવલા
(C) નીલ આર્મસ્ટ્રોંગ (D) સુનિતા વિલીયમ્સ

3. મનુષ્યમાં ખોરાકના પાચનની પ્રક્રિયાની શરૂઆત ક્યાંથી થાય છે ?
(A) મુખ (B) ખોરાકની નળી
(C) જઠર (D) નાનું આંતરડું

4. ગ્રીન હાઉસ કોના સંબંધિત છે ?
(A) ધાબા બાગકામ (B) રસોડા બાગકામ
(C) વૈશ્વિક તાપમાન વધારો (D) સુપોષકતાકરણ

5. ખેતરોમાં થતી અનૈચ્છિક વનસ્પતિઓને શું કહેવાય છે ?
(A) ક્ષુપ (B) નીંદણ
(C) ઘાસ (D) વૃક્ષ

6. સૌરમંડળનો સૌથી તેજસ્વી ગ્રહ ક્યો છે ?
(A) શુક્ર (B) પૃથ્વી
(C) મંગળ (D) ગુરૂ

7. થર્મોમીટરમાં કઈ ધાતુ વપરાય છે ?
(A) ચાંદી (B) તાંબુ
(C) સોનુ (D) પારો

8. પાણીના અણુનું રાસાયણિક સૂત્ર શું છે ?
(A) $CO_2$ (B) $SO_2$
(C) $H_2O$ (D) $O_2$

9. પેન્સિલમાં શું વપરાય છે ?
(A) ગ્રેફાઈટ (B) સિલીકોન
(C) ફોસ્ફરસ (D) કોલસો

10. પૃથ્વી ઉપરનો સૌથી સખત પદાર્થ (substance) ક્યો છે ?
(A) સોનું (B) લોખંડ
(C) હીરો (D) પ્લેટિનમ

11. 'ઊઠો, જાગો અને ધ્યેયપ્રાપ્તિ સુધી મંડ્યા રહો'નું સૂત્ર કોણે આપ્યું ?
(A) રામકૃષ્ણ પરમહંસ (B) સ્વામી વિવેકાનંદ
(C) દયાનંદ સરસ્વતી (D) રાજા રામમોહનરાય

12. યોગ્ય જોડકાં જોડો :

| | |
|---|---|
| (P) બ્રહ્મો સમાજ | (1) દયાનંદ સરસ્વતી |
| (Q) આર્ય સમાજ | (2) ઠક્કરબાપા |
| (R) વહાબી આંદોલન | (3) સૈયદ અહમદ ખાન અને શરીઅતુલ્લા |
| (S) પંચમહાલ ભીલ સેવા મંડળ | (4) રાજા રામમોહનરાય |

(A) P-2 Q-3 R-1 S-4 (B) P-3 Q-2 R-4 S-1
(C) P-4 Q-1 R-2 S-3 (D) P-4 Q-1 R-3 S-2

13. 1907માં જર્મનીમાં યોજાયેલી 'આંતરરાષ્ટ્રીય સમાજવાદી પરિષદ'માં સૌ પ્રથમવાર કોણે હિન્દનો રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો ?
(A) વીર સાવરકર (B) મેડમ ભીખાજી કામા
(C) રાણા સરદારસિંહ (D) શ્યામજી કૃષ્ણ વર્મા

14. "હું કાગડા કૂતરાને મોતે મરીશ, પરંતુ સ્વરાજ્ય લીધા સિવાય હવે આ આશ્રમમાં પાછો પગ મૂકનાર નથી." આવું કોણે કહેલું ?
(A) ગાંધીજી (B) સરદાર વલ્લભભાઈ પટેલ
(C) સરોજિની નાયડુ (D) મહાદેવભાઈ દેસાઈ

15. સ્વતંત્ર ભારતના સૌપ્રથમ ગૃહપ્રધાન કોણ હતા ?
(A) જવાહરલાલ નહેરુ
(B) રાજેન્દ્ર પ્રસાદ
(C) સરદાર વલ્લભભાઈ પટેલ
(D) ડૉ. ભીમરાવ આંબેડકર

16. સિંધુખીણની સંસ્કૃતિનું એક વિશાળ નગર 'ધોળાવીરા' ગુજરાતના ક્યા જિલ્લામાં આવેલું છે ?
(A) નર્મદા (B) અમદાવાદ
(C) જામનગર (D) કચ્છ

17. સમ્રાટ અશોકનો શિલાલેખ ગિરનારની તળેટીમાં ક્યા કુંડની નજીક આવેલો છે ?
(A) આત્મકુંડ (B) ધીરજકુંડ
(C) દામોદર કુંડ (D) સૂરજકુંડ

18. શ્રીકૃષ્ણના બાળમિત્ર સુદામા ક્યાંના વતની હતા ?
(A) પોરબંદર (B) મથુરા
(C) ભાવનગર (D) રાજકોટ

19. સોલંકી વંશના ક્યા રાજવીએ ભીલ સરદારને હરાવીને ત્યાં કર્ણાવતી (હાલનું અમદાવાદ) નામે નગર વસાવ્યું હતું ?
(A) કુમારપાળ (B) કર્ણદેવ
(C) દુર્લભરાજ (D) ચામુંડરાજ

20. મેહમુદ 'બેગડો' કેમ કહેવાય છે ?
(A) તે સામાન્ય માણસ કરતાં બે ઘણો જાડો હતો તેથી
(B) તે બે ઘડા ભરીને મદિરા પીતો હતો તેથી

Happy Academy

(C) તે બે ગણું જમતો હતો તેથી
(D) તેણે જૂનાગઢ અને પાવાગઢ એમ બે ગઢ જીત્યા હતા તેથી

21. જોડકાં જોડો :
(P) પન્નાલાલ પટેલ (1) સરસ્વતીચંદ્ર
(Q) ઝવેરચંદ મેઘાણી (2) ગુજરાતનો નાથ
(R) કનૈયાલાલ મુનશી (3) માનવીની ભવાઈ
(S) ગોવર્ધનરામ ત્રિપાઠી (4) સૌરાષ્ટ્રની રસધાર

| | P | Q | R | S |
|---|---|---|---|---|
| (A) | 4 | 1 | 3 | 2 |
| (B) | 3 | 4 | 2 | 1 |
| (C) | 2 | 3 | 1 | 4 |
| (D) | 1 | 2 | 4 | 3 |

22. નવો મોરબી જિલ્લો ક્યા જિલ્લાઓના વિસ્તારને અલગ કરીને બનાવવામાં આવ્યો છે ?
(A) રાજકોટ
(B) રાજકોટ અને સુરેન્દ્રનગર
(C) રાજકોટ, સુરેન્દ્રનગર અને ભાવનગર
(D) રાજકોટ, સુરેન્દ્રનગર અને જામનગર

23. નર્મદા નદીનું મૂળ ક્યું છે ?
(A) સહ્યાદ્રિ (B) મૈકલ
(C) અમરકંટક (D) પૂર્વઘાટ

24. સિંધુખીણ સંસ્કૃતિના શોધાયેલા મહત્ત્વના સ્થળોમાંથી ક્યા એક સ્થળે ગોદી (dockyard) મળી આવેલ છે ?
(A) વલભી (B) ધોળાવીરા
(C) હડપ્પા (D) લોથલ

25. ભારતમાં પારસીઓ ગુજરાતમાં સૌપ્રથમ ક્યા બંદર પર આવ્યા ?
(A) સુરત (B) ભરૂચ
(C) ખંભાત (D) સંજાણ

26. ગુજરાતી મૂળની પ્રથમ મહિલા અવકાશ યાત્રીનું નામ જણાવો.
(A) કલ્પના ચાવલા (B) સુનિતા વિલીયમ્સ
(C) લજ્જા ગોસ્વામી (D) ગીત શેઠી

27. ગોળ ગધેડાનો મેળો ક્યા જિલ્લામાં ભરાય છે ?
(A) દાહોદ (B) બનાસકાંઠા
(C) ભરૂચ (D) સુરત

28. અમદાવાદના ઝૂલતા મિનારા ક્યાં આવેલા છે ?
(A) શાહપુર (B) દરિયાપુર
(C) કાલુપુર (D) લાલ દરવાજા

29. ગુજરાતનો સૌથી ઊંચો પર્વત ક્યો છે ?
(A) જેસોર (B) બરડો
(C) શેત્રુંજો (D) ગિરનાર

30. રતનમહાલ રીંછ અભયારણ્ય ક્યા જિલ્લામાં આવેલું છે ?
(A) ડાંગ (B) દાહોદ
(C) બનાસકાંઠા (D) પંચમહાલ

31. ભારતના ક્યાં રાજયને સૌથી લાંબો દરિયાકિનારો છે ?
(A) ગુજરાત (B) તામિલનાડુ
(C) કર્ણાટક (D) આંધ્રપ્રદેશ

32. નીચેનામાંથી ક્યાં રાજ્યો ચીનની સાથે સરહદ ધરાવે છે ?
P. જમ્મુ અને કાશ્મીર
Q. સિક્કિમ
R. અરૂણાચલ પ્રદેશ
S. હિમાચલ પ્રદેશ
(A) P, R અને S (B) P, Q અને R
(C) P અને R (D) P, Q, R અને S

33. નીચેનામાંથી ક્યું પ્રાણી ગીરના અભયારણ્યમાં જોવા મળતું નથી ?
(A) સિંહ (B) કાળિયાર
(C) વાઘ (D) નીલગાય

34. નીચેનામાંથી ક્યું લોકનૃત્ય ગુજરાતનું નથી ?
(A) બિહુ (B) મેર રાસ
(C) ટિપ્પણી (D) હૂડો

35. ભારતે છોડેલું મંગળયાન ક્યા ગ્રહની જાણકારી મેળવવામાં મદદરૂપ થશે ?
(A) મંગળ (B) બુધ
(C) ગુરૂ (D) શુક્ર

36. હાલમાં ગુજરાત વિધાનસભાના સ્પીકર કોણ છે ?
(A) મંગુભાઈ પટેલ (B) ઓ. પી. કોહલી
(C) વજુભાઈ વાળા (D) ગણપતભાઈ વસાવા

37. જોડકાં જોડો :
P. અરૂણાચલ પ્રદેશ (1) દિસપુર
Q. આસામ (2) ઈટાનગર
R. ગોવા (3) રાંચી
S. ઝારખંડ (4) પણજી
(A) P-1 Q-2 R-4 S-3 (B) P-2 Q-1 R-4 S-3
(C) P-3 Q-4 R-1 S-2 (D) P-4 Q-3 R-2 S-1

38. દિલ્હીમાં હાલમાં કોણ મુખ્યમંત્રી છે ?
(A) નરેન્દ્ર મોદી (B) કિરણ બેદી
(C) અરવિંદ કેજરીવાલ (D) ઉપરમાંથી કોઈ નહીં

39. પ્રવાસી ભારતીય દિવસ-2015નો કાર્યક્રમ ક્યાં યોજાયો ?
(A) અમદાવાદ (B) ગાંધીનગર
(C) વડોદરા (D) રાજકોટ

Happy Academy

40. નીચેનામાંથી કોણ ભારતના પ્રજાસત્તાક દિન-2015ના દિલ્હી ખાતેની ઉજવણીના "ચીફ ગેસ્ટ" હતા ?
(A) અમેરિકાના પ્રેસિડેન્ટ (B) જાપાનના પ્રાઇમ મિનિસ્ટર
(C) ચીનના પ્રેસિડેન્ટ (D) ઉપરમાંથી કોઈ નહીં

41. ATIRA ટેક્ષટાઈલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ ક્યાં આવેલું છે ?
(A) વડોદરા (B) સુરત
(C) અમદાવાદ (D) રાજકોટ

42. નીચેનામાંથી ક્યા રાજ્યની સીમા ગુજરાતને અડતી નથી ?
(A) રાજસ્થાન (B) મહારાષ્ટ્ર
(C) મધ્યપ્રદેશ (D) છત્તીસગઢ

43. ભારતનું ક્યું રાજ્ય-2014માં બન્યું ?
(A) છત્તીસગઢ (B) તેલંગાણા
(C) ઝારખંડ (D) ઉત્તરાખંડ

44. ભારતના હાલના રાષ્ટ્રપતિ કોણ છે ?
(A) પ્રતિભા પાટીલ (B) પ્રણવ મુખરજી
(C) રાજેન્દ્ર પ્રસાદ (D) એ.પી.જે. અબ્દુલ કલામ

45. "હકીકત" એટલે શું ?
(A) ઇન્દ્રિયગોચર વસ્તુ, વસ્તુઓની સ્થિતિ અથવા વસ્તુઓનો સંબંધ
(B) કોઈ વ્યક્તિને જેનું ભાન હોય તેવી મનની સ્થિતિ
(C) A અને B બંને (D) ફક્ત A

46. નીચેનામાંથી ક્યું વાક્ય સાચું છે ?
(P) લખાણ એ દસ્તાવેજ છે.
(Q) મુદ્રિત લિથો કરેલ અથવા ફોટો પાડેલ શબ્દો દસ્તાવેજ છે.
(A) ફક્ત P સાચું છે. (B) ફક્ત Q સાચું છે.
(C) P અને Q કોઈ સાચા નથી.
(D) P અને Q બંને સાચા છે.

47. જે હકીકત "સાબિત થયેલી"ના હોય અને "નાસાબિત થયેલી" પણ ના હોય તેને શું કહેવાય ?
(A) સાબિત થયેલી (B) સાબિત ન થયેલી
(C) અડધી સાબિત (D) ઉપરોક્ત કોઈ નહીં

48. સાક્ષીઓને તપાસવાનો સામાન્યપણે ક્રમ કયો હોય છે ?
(A) સર તપાસ, ઉલટ તપાસ, ફેર તપાસ
(B) સર તપાસ, ફેર તપાસ, ઉલટ તપાસ
(C) ફેર તપાસ, ઉલટ તપાસ, સર તપાસ
(D) ઉલટ તપાસ, ફેર તપાસ, સર તપાસ

49. સૂચક પ્રશ્નો અંગે ક્યું વિધાન સાચું છે ?
(P) પ્રતિપક્ષી વાંધો ઉઠાવે તો સર તપાસમાં ન પૂછી શકાય
(Q) ફેર તપાસમાં ન્યાયાલયની પરવાનગી સિવાય ન પૂછી શકાય.
(A) ફક્ત P સાચું છે. (B) ફક્ત Q સાચું છે.
(C) P અને Q બંને સાચા છે.
(D) P અને Q બંને ખોટા છે.

50. જયેશ એક સાયકલ રૂ. 1200માં ખરીદે છે અને રૂ. 1104માં વેચે છે તો તેને કેટલા ટકા નુકસાન થયું ?
(A) 7% (B) 8%
(C) 9% (D) 10%

51. જે કામ 12 માણસો 9 દિવસમાં પૂરું કરે તો તે જ કામ 18 માણસો કેટલા દિવસમાં પૂરું કરે ?
(A) 4 (B) 5
(C) 6 (D) 7

52. 1, 4, 9, 16, .......?
(A) 25 (B) 30
(C) 32 (D) 45

53. કોઈપણ બાજુથી ચાલુ કરો, તમારો ક્રમ 13મો હોય તો હારમાં કુલ કેટલા માણસો હશે ?
(A) 13 (B) 15
(C) 22 (D) 25

54. ધારો કે આજે શુક્રવાર છે તો પછીના રવિવાર પછી 25 દિવસે ક્યો વાર હશે ?
(A) મંગળવાર (B) બુધવાર
(C) ગુરૂવાર (D) શુક્રવાર

55. મહેશ તેના મિત્રને એક છોકરીનો પરિચય કરાવતાં કહે છે - આ મારા દાદાના એકના એક પુત્રની પુત્રી છે. તો આ છોકરી મહેશની શું સગી થાય ?
(A) માતા (B) બહેન
(C) પત્ની (D) પિતરાઈ બહેન

56. CPUનું પૂરું નામ શું છે ?
(A) સેન્ટ્રલ પ્રોજેક્ટ યુનિટ (B) સેન્ટ્રલ પરફેક્ટ યુનિટ
(C) સેન્ટ્રલ પ્રોસેસિંગ યુનિટ (D) સેન્ટ્રલ પબ્લીક યુનિટ

57. મીણબત્તી-મીણ તો કાગળ ....?
(A) વૃક્ષ (B) ચોપડી
(C) પસ્તી (D) લખવું

58. A, D, H, K, O, ..............
(A) Q (B) R
(C) S (D) T

59. આજે વિજયે રમેશને પરમ દિવસે ગુરૂવારે મળવાનું નક્કી કર્યું તો ગઈકાલે ક્યો વાર ગયો ?
(A) મંગળવાર (B) બુધવાર
(C) રવિવાર (D) સોમવાર

60. X અને Y બંને Zનું ખૂન કરવા જાય છે. X દરવાજા પાસે છરી લઈને ઊભો રહે છે અને Y તમંચાથી ફાયર કરીને Zને મારી નાંખે છે.

Happy Academy

(A) ફક્ત Y ખૂન માટે જવાબદાર છે.
(B) X અને Y બંને ખૂન માટે જવાબદાર છે.
(C) ફક્ત X ખૂન માટે જવાબદાર છે.
(D) X અને Y કોઈ ખૂન માટે જવાબદાર નથી.

61. સ્વ બચાવનો હક્ક (રાઈટ ટુ પ્રાઈવેટ ડીફેન્સ) કઈ કલમમાં સમાવાયેલ છે ?
(A) IPC-94 (B) IPC-95
(C) IPC-96 (D) IPC-90

62. અ એ બના ઘરમાંથી ઘરેણાની બેગ લઈને ભાગે છે. બહાર નીકળતાં ચોકીદાર તેને અટકાવે છે. તે પોતાના ચપ્પુથી ચોકીદારને ઘાયલ કરીને ભાગી જાય છે. અહીં અ એ ક્યો ગુનો કર્યો છે ?
(A) ચોરી (B) લૂંટ
(C) ધાડ (D) છેતરપીંડી

63. ભારતીય ફોજદારી ધારો એટલે
(A) ઈન્ડિયન પોલીસ કોડ (B) ઈન્ડિયન પ્રોસિજર કોડ
(C) ઈન્ડિયન પીનલ કોડ (D) ક્રિમીનલ પ્રોસિજર કોડ

64. નીચેનામાંથી ક્યું વિધાન સાચું છે ?
(A) ચોરીના ગુના માટે ઓછામાં ઓછી 2 વ્યક્તિ હોવી જોઈએ.
(B) લૂંટના ગુના માટે ઓછામાં ઓછી 3 વ્યક્તિ હોવી જોઈએ.
(C) ઘરફોડ ચોરીના ગુના માટે ઓછામાં ઓછી 4 વ્યક્તિ હોવી જોઈએ.
(D) ધાડના ગુના માટે ઓછામાં ઓછી 5 વ્યક્તિ હોવી જોઈએ.

65. IPC - 498-ક મુજબ ત્રાસ એટલે
(A) પરિણિત સ્ત્રીને પતિ કે પતિના સગા દ્વારા કરવામાં આવતો ત્રાસ
(B) ફક્ત શારીરિક ત્રાસ
(C) ફક્ત માનસિક ત્રાસ
(D) પરિણિત પુરુષને પત્ની દ્વારા કરવામાં આવતો ત્રાસ.

66. IPC મુજબ
(A) ખોટી સાક્ષી આપવાથી કોઈ ગુનો બનતો નથી.
(B) ખોટી સાક્ષી આપવા બદલ સજા થઈ શકે છે.
(C) ખોટી સાક્ષી આપનારને અદાલતમાં ફરીથી ક્યારેય બોલાવી શકાય નહીં.
(D) ખોટી સાક્ષી આપવા બદલ અદાલત કોઈ કાર્યવાહી કરી શકતી નથી.

67. ચોરી માટે નીચેનામાંથી ક્યું વિધાન ખોટું છે ?
(A) ચોરીની વિષયવસ્તુ સ્થાવર મિલકત હોય છે.
(B) ચોરીની વિષયવસ્તુ જંગમ મિલકત હોય છે.
(C) તે કબ્જેદાર વ્યક્તિની સંમતિ વિના થાય છે.
(D) તે કબ્જેદારના કબજામાંથી લઈ લેવાના ઇરાદે થાય છે.

68. ગેરકાયદેસર મંડળી માટે કેટલા વ્યક્તિઓ ઓછામાં ઓછા હોવા જરૂરી છે ?
(A) 2 (B) 3
(C) 4 (D) 5

69. IPC મુજબ
(1) કલમ-302 ખૂનની સજા
(2) કલમ-207 ખૂનની કોશિષની સજા
(3) કલમ-379 ચોરીની સજા
(4) કલમ-395 ધાડની સજા
(A) ફક્ત 1 સાચું (B) 1 અને 2 સાચા
(C) 1, 2, 3 સાચા (D) 1, 2, 3 અને 4 બધા સાચા

70. ક્રિકેટ વર્લ્ડ કપ-2015ની મેચો ક્યા દેશમાં યોજવામાં આવેલ હતી ?
(A) ઑસ્ટ્રેલિયા (B) ન્યુઝીલેન્ડ
(C) ઑસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડ
(D) ઉપરમાંથી કોઈ નહીં

71. કોગ્નિઝેબલ ગુના અટકાવવા માટે પોલીસ સી.આર.પી.સી.ની કઈ કલમ હેઠળ વોરંટ વગર ધરપકડ કરી શકે છે ?
(A) સી.આર.પી.સી. કલમ-141
(B) સી.આર.પી.સી. કલમ-145
(C) સી.આર.પી.સી. કલમ-151
(D) સી.આર.પી.સી. કલમ-155

72. વગર વોરંટે ગુનાના કામે ધરપકડ કરવામાં આવેલી વ્યક્તિને મુસાફરી સમય સિવાય કેટલા કલાકની અંદર જે તે હકુમતી કોર્ટ સમક્ષ અટક કરેલ વ્યક્તિને રજૂ કરવાનો રહે છે ?
(A) 12 કલાક (B) 24 કલાક
(C) 48 કલાક (D) 50 કલાક

73. ફરિયાદ (FIR)ની નકલ ફરિયાદીને પોલીસે કેટલા મૂલ્યમાં આપવાની હોય છે ?
(A) રૂ. 20 (B) રૂ. 50
(C) રૂ. 100 (D) વિના મૂલ્યે

74. સી.આર.પી.સી.ની કઈ કલમ હેઠળ તપાસ કરનાર પોલીસ અધિકારી સાક્ષીઓને તપાસે છે ?
(A) સી.આર.પી.સી. કલમ-151
(B) સી.આર.પી.સી. કલમ-161
(C) સી.આર.પી.સી. કલમ-165
(D) સી.આર.પી.સી. કલમ-171

75. મહિલાની ધરપકડ માટે ક્યું વિધાન સાચું છે.
(A) મહિલાની ધરપકડ ફક્ત મહિલા પોલિસ અધિકારી જ કરી શકે.
(B) મહિલાની ધરપકડ કોઈપણ સમયે (દિવસે કે રાત્રે) કરવા માટે કોઈની પૂર્વ પરવાનગીની જરૂર નથી.

Happy Academy

(C) મહિલાની ધરપકડ માટે મહિલા પોલિસ અધિકારી પણ જેની ધરપકડ કરવાની હોય તે મહિલાના શરીરને અડકી શકે નહિ.
(D) મહિલાની ધરપકડ સૂર્યાસ્ત પછી અને સૂર્યોદય પહેલા કરવા માટે મેજિસ્ટ્રેટની પૂર્વપરવાનગી લેવી જોઈએ.

76. ભારતનું બંધારણ ઘડવા માટેની ખરડા સમિતિના અધ્યક્ષ કોણ હતા ?
(A) ડૉ. ભીમરાવ આંબેડકર (B) સી. રાજગોપાલાચારી
(C) રાજેન્દ્ર પ્રસાદ (D) જવાહરલાલ નહેરુ

77. જમ્મુ કાશ્મીર રાજયને ભારતના બંધારણના ક્યા અનુચ્છેદથી વિશેષ દરજ્જો પ્રદાન કરવામાં આવેલો છે ?
(A) અનુચ્છેદ-356 (B) અનુચ્છેદ-302
(C) અનુચ્છેદ-370 (D) અનુચ્છેદ-360

78. રાજ્યના બંધારણીય વડા કોણ હોય છે ?
(A) રાષ્ટ્રપતિ (B) રાજ્યપાલ
(C) મુખ્યમંત્રી (D) વિધાનસભા અધ્યક્ષ

79. માહિતી અધિકારનો કાયદો ક્યા વર્ષથી અમલમાં આવ્યો ?
(A) 1947 (B) 1993
(C) 2003 (D) 2005

80. 'લાફિંગ ગેસ' (Laughing gas) એટલે ક્યો ગેસ ?
(A) કાર્બન મોનોક્સાઇડ (B) સલ્ફર ડાયોક્સાઇડ
(C) હાઈડ્રોજન પેરોક્સાઇડ (D) નાઇટ્રસ ઓક્સાઇડ

81. કઈ ધાતુ સામાન્ય અવસ્થામાં પ્રવાહી સ્વરૂપે હોય છે.
(A) રેડીયમ (B) પારો
(C) ઝિંક (D) યુરેનિયમ

82. ક્યા બ્લડગ્રુપવાળા વ્યક્તિને 'સાર્વજનિક દાતા' કહે છે ?
(A) A (B) B
(C) O (D) AB

83. આગ બૂઝાવવામાં ક્યો ગેસ વપરાય છે ?
(A) નિયોજન (B) નાઇટ્રોજન
(C) કાર્બન ડાયોક્સાઇડ (D) કાર્બન મોનોક્સાઇડ

84. 'પંચતંત્ર'ના રચયિતા કોણ છે ?
(A) કાલિદાસ (B) વિષ્ણુશર્મા
(C) પાણિની (D) ચાણક્ય

85. ગાંધીજીએ ક્યારે "દાંડીકૂચ" કરી ?
(A) ઈ.સ. 1928 (B) ઈ.સ. 1930
(C) ઈ.સ. 1932 (D) ઈ.સ. 1935

86. સૌપ્રથમ સત્યાગ્રહ કઈ જગ્યાએ કરવામાં આવ્યો ?
(A) બારડોલી (B) ધરાસણા
(C) ચંપારણ (D) દિલ્હી

87. ગાંધીજીના પ્રિય ભજન 'વૈષ્ણવ જન તો તેને રે કહિયે..' ની રચના કોણે કરી છે ?
(A) નરસિંહ મહેતા (B) મહાત્મા ગાંધી
(C) સરોજિની નાયડુ (D) રવિન્દ્રનાથ ટાગોર

88. વર્ષ 2015માં 'આયોજન પંચ'ને બદલે ક્યું નવું પંચ અમલમાં આવ્યું ?
(A) નેશનલ પંચ (B) નીતિ પંચ
(C) વાઈબ્રન્ટ પંચ (D) વિકાસ પંચ

89. ગુજરાતનો સ્થાપના દિન ક્યો છે ?
(A) 1લી મે 1960 (B) 1લી જૂન 1960
(C) 1લી જુલાઈ 1960 (D) 1લી ઓગસ્ટ 1960

90. ગુજરાતમાં હાલમાં કુલ કેટલા જિલ્લાઓ છે ?
(A) 31 (B) 32
(C) 33 (D) 34

91. સ્વાઈન ફ્લુ ક્યા વાયરસથી ફેલાય છે ?
(A) $B_1 N_1$ (B) $C_1 D_1$
(C) $T_1 N_1$ (D) $H_1 N_1$

92. ભારતના સર્વોચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશની સેવા નિવૃત્તિની વય કેટલી હોય છે ?
(A) 60 વર્ષ (B) 62 વર્ષ
(C) 65 વર્ષ (D) 68 વર્ષ

93. ભારતની સંસદમાં કોનો સમાવેશ થાય છે ?
(A) લોકસભા અને રાજ્યસભા
(B) લોકસભા, રાજ્યસભા અને રાષ્ટ્રપતિ
(C) લોકસભા (D) રાજ્યસભા

94. કૈલાશ સત્યાર્થીને ક્યા ક્ષેત્રમાં કામ કરવા બદલ નોબેલ પુરસ્કાર મળ્યો છે ?
(A) બાળમજૂરોને છોડાવવા
(B) સ્વાસ્થ્ય ક્ષેત્રમાં સુધારો લાવવા
(C) પત્રકારિત્વના ક્ષેત્રમાં
(D) પર્યાવરણના ક્ષેત્રમાં જાગૃતિ લાવવા

95. ગોબર ગેસમાં મુખ્યત્વે ક્યો ગેસ હોય છે ?
(A) ઈથેન (B) મિથેન
(C) પ્રોપેન (D) બ્યુટેન

96. ભારત દેશના સૌપ્રથમ ગુજરાતી વડાપ્રધાન કોણ હતા ?
(A) નરેન્દ્ર મોદી (B) મોરારજી દેસાઈ
(C) સરદાર પટેલ (D) જવાહરલાલ નહેરુ

97. ગુજરાતના મધ્યભાગમાંથી ક્યું વૃત્ત પસાર થાય છે ?
(A) કર્કવૃત્ત (B) મકરવૃત્ત
(C) વિષુવવૃત્ત (D) ઉપરમાંથી કોઈ નહીં

98. પાલીતાણાનાં જૈન મંદિરો ક્યા પર્વત પર આવેલાં છે ?
(A) ગિરનાર (B) શેત્રુંજય
(C) પાવાગઢ (D) વિલ્સન હિલ

99. ઈસ્ટ ઈન્ડિયા કંપની ગુજરાતમાં સૌ પ્રથમ ક્યાં આવી ?
(A) સુરત (B) ભરૂચ
(C) વડોદરા (D) અમદાવાદ

100. અંબાજી તીર્થધામ કઈ પર્વતમાળામાં આવેલું છે ?
(A) અરવલ્લી (B) સહ્યાદ્રી
(C) પશ્ચિમઘાટ (D) પૂર્વઘાટ

Happy Academy

# Answers : Gujarat Police Constable Dt. 3-5-15

1. (A) લાલ, વાદળી, પીળો
2. (C) નીલ આર્મસ્ટ્રોંગ
3. (A) મુખ
4. (C) વૈશ્વિક તાપમાન વધારો
5. (B) નીંદણ
6. (A) શુક્ર
7. (D) પારો
8. (C) $H_2O$
9. (A) ગ્રેફાઈટ
10. (C) હીરો
11. (B) સ્વામી વિવેકાનંદ
12. (D) P-4 Q-1 R-3 S-2
13. (B) મેડમ ભીખાજી કામા
14. (A) ગાંધીજી
15. (C) સરદાર વલ્લભભાઈ પટેલ
16. (D) કચ્છ
17. (C) દામોદર કુંડ
18. (A) પોરબંદર
19. (B) કણદિવ
20. (D) તેણે જૂનાગઢ અને પાવાગઢ એમ બે ગઢ જીત્યા હતા તેથી
21. (B) 3 4 2 1
22. (D) રાજકોટ, સુરેન્દ્રનગર અને જામનગર
23. (C) અમરકંટક
24. (D) લોથલ
25. (D) સંજાણ
26. (B) સુનિતા વિલીયમ્સ
27. (A) દાહોદ
28. (C) કાલુપુર
29. (D) ગિરનાર
30. (B) દાહોદ
31. (A) ગુજરાત
32. (D) P, Q, R અને S
33. (C) વાઘ
34. (A) બિહુ
35. (A) મંગળ
36. (D) ગણપતભાઈ વસાવા
37. (B) P-2 Q-1 R-4 S-3
38. (C) અરવિંદ કેજરીવાલ
39. (B) ગાંધીનગર
40. (A) અમેરિકાના પ્રેસિડેન્ટ
41. (C) અમદાવાદ
42. (D) છત્તીસગઢ
43. (B) તેલંગાણા
44. (B) પ્રણવ મુખરજી
45. (C) A અને B બંને
46. (D) P અને Q બંને સાચા છે.
47. (B) સાબિત ન થયેલી
48. (A) સર તપાસ, ઉલટ તપાસ, ફેર તપાસ
49. (C) P અને Q બંને સાચા છે.
50. (B) 8%
51. (C) 6
52. (A) 25
53. (D) 25
54. (C) ગુરૂવાર
55. (B) બહેન
56. (C) સેન્ટ્રલ પ્રોસેસિંગ યુનિટ
57. (A) વૃક્ષ
58. (B) R
59. (D) સોમવાર
60. (B) X અને Y બંને ખૂન માટે જવાબદાર છે.
61. (C) IPC-96
62. (B) લૂંટ
63. (C) ઈન્ડિયન પીનલ કોડ
64. (D) ધાડના ગુના માટે ઓછામાં ઓછી 5 વ્યક્તિ હોવી જોઈએ.
65. (A) પરિણિત સ્ત્રીને પતિ કે પતિના સગા દ્વારા કરવામાં આવતો ત્રાસ
66. (B) ખોટી સાક્ષી આપવા બદલ સજા થઈ શકે છે.
67. (A) ચોરીની વિષયવસ્તુ સ્થાવર મિલકત હોય છે.
68. (D) 5
69. (D) 1, 2, 3 અને 4 બધા સાચા
70. (C) ઑસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડ
71. (C) સી.આર.પી.સી. કલમ-151
72. (B) 24 કલાક
73. (D) વિના મૂલ્યે
74. (B) સી.આર.પી.સી. કલમ-161
75. (D) મહિલાની ધરપકડ સૂર્યાસ્ત પછી અને સૂર્યોદય પહેલા કરવા માટે મેજિસ્ટ્રેટની પૂર્વપરવાનગી લેવી જોઈએ.
76. (A) ડૉ. ભીમરાવ આંબેડકર
77. (C) અનુચ્છેદ-370
78. (B) રાજ્યપાલ
79. (D) 2005
80. (D) નાઈટ્રસ ઓક્સાઈડ
81. (B) પારો
82. (C) O
83. (C) કાર્બન ડાયોક્સાઈડ
84. (B) વિષ્ણુશર્મા
85. (B) ઈ.સ. 1930
86. (C) ચંપારણ
87. (A) નરસિંહ મહેતા
88. (B) નીતિ પંચ
89. (A) 1લી મે 1960
90. (C) 33
91. (D) $H_1 N_1$
92. (C) 65 વર્ષ
93. (B) લોકસભા, રાજ્યસભા અને રાષ્ટ્રપતિ
94. (A) બાળમજૂરોને છોડાવવા
95. (B) મિથેન
96. (B) મોરારજી દેસાઈ
97. (A) કર્કવૃત્ત
98. (B) શેત્રુંજય
99. (A) સુરત
100. (A) અરવલ્લી

Happy Academy